**ફોજ. કેસ નં.3413/2022**

## આંક–૧ નીચે હુકમ

આરોપી સામે ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનું ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે જે સબંધેની ઈન્સાફી કાર્યવાહી દરમિયાન આરોપીએ તેમની સામેનો ગુનો કબૂલ કરતી પુરસીસ આ અદાલતમાં આવેલ છે જેથી ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ તેમની સામેના ગુનાની કબૂલાત કરેલી છે જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે, ગુનો કબૂલ કરવા તે બંધાયેલ નથી તેમ છતાં ગુનાની કબૂલાતને વળગી રહેલ છે જેથી આરોપી તરફે કરવામાં આવેલ કબૂલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાતરી થતાં તે મંજૂર કરવામાં આવેલ છે અને આરોપીને તેમની સામેના ઊપરોક્ત શિક્ષાનેપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. વધુમાં આરોપી તરફે તેમને સુધરવાની તક આપવાની માંગણી કરેલ છે અને ગુનો કર્યાનો અફસોસ છે તેમજ તેમની ઉપર કુટુંબની જવાબદારી છે અને પ્રથમ ગુનો હોવાનું અને ગરીબ માણસ હોવાનું જણાવી દયા કરવા અરજ કરેલ છે. આ હકીકત ધ્યાને લેતાં, કેસના સંજોગો ધ્યાને લેતાં અને આરોપીની રજૂઆત તથા ન્યાયનું હિત ધ્યાને લેતાં અને આરોપીને એક વાર સુધરવાની તક આપવાના હેતુથી કાયદાએ સૂચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા માટેના પૂરતાં અને વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે તેમજ આજરોજ નેશનલ લોક અદાલત હોઈ સદરહુ લોક અદાલતનો હેતુ લક્ષમાં લઈ સ્પે. સીટીંગમાં ફક્ત દંડ કરવા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ વિ. નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. પેઈજ નં. ૭૦૯ ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો મુજબ પણ આરોપીને ઠરાવેલ ન્યુનતમ સજા કરતાં પણ ઓછી સજા કરી શકાય છે તેવું પ્રસ્થાપિત કરાયેલ છે જે ધ્યાને લઈ અને આરોપી તરફેની રજૂઆત જોતાં તથા આક્ષેપયુક્ત ગુનામાં ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુ ક મ

આ કામના આરોપીને ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૫૨ અન્વયે ધી બોમ્બે પ્રોહીબીશન એક્ટ કલમ– ૬૬ (૧) બી, ૮૫ (૧) મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવી રૂ. ૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) નો દંડ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો દિન–૭(સાત) ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

**નેશનલ લોક અદાલત**
**મુકામ–જેતપુર.**
**તારીખ–૧૨/૧૧/૨૦૨૨.**

**(અલીઅસગર હસનઅલી હીરાની)**
**એડીશ્નલ સીવીલ જજ અને**
**જ્યુડી. મેજી. ફ. ક., જેતપુર.**
**સ્પેશિયલ સીટીંગ**
**કોડ નં. જીજે–૦૧૧૮૪.**